## આકાશવાણી ભુજ

## સમાચાર વાચક : જાગૃતિ વકીલ

## ડીઇઓ : પ્રદિપ ચાવડા

**તારીખ : 12-10-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## CM : દશેરા શુભેચ્છા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિજયાદશમી પર્વની સૌ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવતાં કહ્યું કે, વિજયાદશમીનું આ પર્વ આસુરીશક્તિ પર દૈવીશક્તિનાં વિજયનું ઉમંગપર્વ છે. મનુષ્યમાં રહેલા દુર્ગુણરૂપી આંતરિક શત્રુઓ તથા નકારાત્મક ઊર્જા પર વિજય પ્રાપ્ત કરવાનું પણ આ પર્વ છે. શક્તિની ભક્તિના નવરાત્રી ઉત્સવ પછી આવતું આ વિજયાદશમી પર્વ સમાજમાં સદભાવના-સમરસતા સૌહાર્દ, પરસ્પર પ્રેમ તથા બંધુતા અને સૌના સાથ, સૌના વિકાસની નેમ પાર પાડનારૂં બને તેવી અપેક્ષા પણ વ્યકત કરી છે.

માહિતી ખાતુ

---

## નવરાત્રિ : કચ્છ

અશ્વિન નવરાત્રિના નવલા નોરતાની સમગ્ર કચ્છ પંથકમાં હર્ષોલ્લાસ પૂર્વક ઉજવણી થઈ રહી છે. માતા ભવાનીની ભક્તિ સાથે ભાવિક ભક્તો રાસ ગરબા રમી દુહા છંદની પરંપરા અકબંધ જાળવી રાખી છે. આધુનિક દોરમાં કોમર્શિયલ નવરાત્રીઓ ગરબા રસિકો માટે અવનવા સ્ટેપ દર્શાવતી સાબિત થઈ રહી છે તો નગર અને શહેરોમાં સામાજિક નવરાત્રિ ના આયોજન જ્ઞાતિજનો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. જિલ્લાના પ્રવેશદ્વાર આડેસરથી છેવાડાના અબડાસા તાલુકા સુધી અસંખ્ય પ્રાચીન-અર્વાચીન ગરબીઓમાં અશ્વિન નવરાત્રિ માહિતસવની આનંદ ઉમંગ સાથે ઉજવણી થઈ હતી.

**N.P./ જાગૃતિ વકીલ**

---

## વિજ્યાદશમી : કચ્છમાં ઉજવણી

આજે અસત્ય પર સત્યના વિજયરૂપ વિજ્યા દશમીની ઉજવણી સાથે નવલા નોરતાની સમાપ્તી થશે.

દશેરાના પર્વે ભગવાન રામની પૂજા સાથે શસ્ત્રોની પૂજાની પરંપરા છે. પ્રાચીન કાળથી રાજાઓ અને આજે લોકશાહીમાં વિવિધ સુરક્ષા દળો તેમના શસ્ત્રો નું પૂજન કરે છે. ભુજમાં વર્ષોથી પોલીસ વિભાગ દ્વારા વિજયા દશમીના દિવસે સવારે શસ્ત્રોનું પૂજન કરવામાં આવે છે. સાંજે રાજ પરિવાર દ્વારા સ્વામિનારાયણ મંદિરની સામે આવેલા સમી વૃક્ષનું પૂજન કરવામાં આવે છે. મોટી પોશાળ જાગીરના

પ્રવીણ ગોરજી સાંગ સાથે વૃક્ષનું પૂજન રાજ કુટુંબ કરતું આવ્યું છે. શનિવારે વિજ્યા દશમી તહેવારે મહારાણી પ્રીતિ દેવી આ પૂજન કરશે.

સમગ્ર દેશ સાથે કચ્છમાં ગાંધીધામના શક્તિનગર ગ્રાઉન્ડ ખાતે નવરાત્રિ પર્વ દરમ્યાન રામલીલાના આયોજન બાદ વિજયાદશરમીના પર્વ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાશે. આજે બપોરે સાડા ત્રણ કલાકે શહેરના ઝંડાચોકથી રાણવદહન માટે ભગવાન રામની વાનરસેનાની યાત્રાનો પ્રારંભ થશે. ડીપીટી ગ્રાઉન્ડ ખાતે સાંજે સાડા છ કલાકે રાવણના પુતળાનું દહન અને ભવ્ય આતશબાજી કરવામાં આવશે.

નખત્રાણામાં જય માતાજી ગ્રુપ દ્વારા દશેરાના રાવણનું દહન કાર્યક્રમ યોજવા પૂર્વે વથાણમાં 25 ફૂટ લાંબા રાવણનું પૂતળું તૈયાર કરાયું છે. વિવિધ વેશભૂષા સાથે દશેરાના શ્રીરામ, લક્ષ્મણ, જાનકી તથા હનુમાનજીના પાત્રમાં નગરમાં શોભાયાત્રા કાઢવામાં આવશે. સંધ્યા ટાણે અહંકારરૂપી રાવણનું દહન કરાશે.

ભુજમાં રઘુવંશી યુવા શક્તિ સંઘ કચ્છ દ્વારા શસ્ત્ર પૂજન અને તલવાર રાસનો કાર્યક્રમ તથા તે સાથે સમાજ જાગૃત્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

**N.P./ જાગૃતિ વકીલ**

---------------------------------------------------------------------

## વિકાસ સપ્તાહ : કચ્છ

રાજ્યભરમાં ૭ ઓક્ટોબરથી શરૂ થયેલો વિકાસ સપ્તાહની ઉજવણી ૧૫ ઓક્ટોબર સુધી ચાલશે. જે અંતર્ગતભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સ્મૃતિવન મેમોરિયલ ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. ધારાસભ્યએ વડાપ્રધાનના વિકસિત ભારત બનાવવાના સંકલ્પમાં સૌ નાગરિકોને સહભાગી થવા અનુરોધ કર્યો હતો. તો ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓને લખપતિ દીદી યોજનાથી મહિલાઓના જીવનમાં આવેલા આર્થિક અને સામાજિક પરિવર્તન અંગેના ટૉક શૉનું આયોજન કરવામાં આવ્યું હતું.

માહિતી ખાતુ

-----------------------------------------------------------------

## હવામાન

કચ્છમાં વાદળછાયો માહોલ છવાઇ જવાની સાથે મહત્તમ તાપમાનમાં 3થી 4 ડિગ્રી જેટલો ઘટાડો થતાં ગરમીમાં રાહત અનુભવાઇ હતી. ગઇકાલે છૂટાછવાયા સ્થળે હળવો વરસાદ વરસવાની આગાહી હવામાન વિભાગે કરી છે. ગઇકાલે 40 ડિગ્રીએ રાજ્યમાં ગરમ બનેલા ભુજ ખાતે અધિકત્તમ તાપમાન નીચે ઉતરીને 34.8 ડિગ્રી નોંધાયું હતું..

**N.P./ જાગૃતિ વકીલ**

------------------------------------------------------------------------

## ગરબાની પધરામણી

નવરાત્રિ પર્વનું સમાપન સાથે આજે આજે સાંજે સાડા છથી આઠ સુધી સુધી અને રાત્રે સાડા નવથી સાડા બાર સુધી જળાશયોમાં ગરબા પધરાવવાનો સમય છે, જેથી શ્રદ્ધાળુઓ હમીરસર તળાવમાં પધરાવીને રાષ્ટ્રીય જળ ધરોહરને નુકશાન ન પહોંચાડે એટલા માટે નગરપાલિકાએ માંડવીના દરિયામાં સામૂહિક પધરામણીનું આયોજન કર્યું છે. જેના માટે ટ્રેકટર ટ્રોલી પણ રખાયા છે અને પ્રતિકાત્મક પધરાવીને ટ્રેકટર ટ્રોલીમાં રાખી દેવા અનુરોધ કર્યો છે.

**N.P./** જાગૃતિ વકીલ

------------------------------------------------------------------------

## કચ્છ પોલીસ વડા ચાર્જ

કચ્છના પોલીસ અધિક્ષક તરીકે યુવા અધિકારી વિકાસ સુંડાને હવલો સોપાતા ગઇકાલે તેમણે તેમનો ચાર્જ સંભાળી લીધો હતો. પોલીસ અધિકારીઓ અને યુવા અગ્રણીઓએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

**N.P./** જાગૃતિ વકીલ

------------------------------------------------------------------------

## માંડવીના કથાકારને વિદ્યાવાચસ્તી એવોર્ડ

જાણીતા કથાકાર ડો. મહાદેવપ્રસાદ મહેતાને વૈદિક પૌરાણિક સાહિતયને લોક વાણીના રૂપમાં લોકો સુધી સુલભ બનાવવા માટે જુનાગઢ ખાતે રાજયપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે વિદ્યાવાચસ્તી બિરુદથી સન્માતિક કરાયા હતા.

**N.P./ જાગૃતિ વકીલ**

-------------------------------------------------------------------------